ભારત સરકારના 'Nasha Mukt Bharat' કેમ્પેઈનનું અમલીકરણ કરવા State Level Nasha Mukt Campaign Committee (SLNMBCC)ની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૨/૨૦૨૦/૨૬૧૧૫૨/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪/૦૭/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, નવી દિલ્હી, ભારત સરકારનો તા.૧૩/૦૭/૨૦૨૦નો D.O. No. Secy(SJE)/Drugs/2020

આમુખ:-

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, નવી દિલ્હી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ માટે ડ્રગ્સના ઉપયોગ બાબતે આઈડેન્ટીફાય કરેલ ૨૭૨ સંવેદનશીલ જિલ્લાઓ માટે 'Nasha Mukt Bharat' વાર્ષિક એક્શન પ્લાન ઘડવામાં આવેલ છે. જેમાં ગુજરાતના આઠ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવેલ છે, જે મુજબ વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ભારત સરકારના તા.૧૩/૦૭/૨૦૨૦ના પત્રના અનુસંધાને ભારત સરકારના 'Nasha Mukt Bharat' કેમ્પેઈનનું અમલીકરણ કરવા State Level Nasha Mukt Campaign Committee (SLNMBCC)ની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, નવી દિલ્હી, ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૩/૦૭/૨૦૨૦ના પત્રના અનુસંધાને ભારત સરકારના 'Nasha Mukt Bharat' કેમ્પેઈનનું રાજ્યમાં અમલીકરણ કરવા State Level Nasha Mukt Campaign Committee (SLNMBCC)ની આથી નીચે મુજબ રચના કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | કમિટીમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | અધ્યક્ષ |
| ૨ | ડાયરેક્ટર જનરલ ઓફ પોલિસની કચેરી, ગાંધીનગરના સીનીયર પ્રતિનિધી | સભ્ય |
| 3 | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સીનીયર પ્રતિનિધી | સભ્ય |
| ૪ | નોર્કોટીક્સ કન્ટ્રોલ બ્યુરો, અમદાવાદના સીનીયર પ્રતિનિધી, બીજો અને ત્રીજો માળ, ડ્રાઈવ ઈન સિનેમા બિલ્ડીંગ, ડ્રાઈવ ઈન રોડ, થલતેજ, અમદાવાદ-3૮૦૦૫૪ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૫ | ઉચ્ચ શિક્ષણ (શિક્ષણ વિભાગ), સચિવાલય, ગાંધીનગરના સીનીયર પ્રતિનિધી | સભ્ય |
| ૬ | પ્રાથમિક શિક્ષણ (શિક્ષણ વિભાગ), સચિવાલય, ગાંધીનગરના સીનીયર પ્રતિનિધી | સભ્ય |
| ૭ | મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સીનીયર પ્રતિનિધી | સભ્ય |
| ૮ | માહિતી અને પ્રસારણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સીનીયર પ્રતિનિધી | સભ્ય |
| ૯ | ડ્રગ્સ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના ૪ (ચાર) પ્રતિનિધી (જે અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નોમિનેટ કરવામાં આવશે.) | સભ્ય |
| ૧૦ | ડ્રગ્સ ક્ષેત્રે કામ કરેલ હોય તેવા ૩ (ત્રણ) નિવૃત સિવિલ સેવકો (જે અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નોમિનેટ કરવામાં આવશે.) | સભ્ય |
| ૧૧ | ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયની સ્ટેટ લેવલ કોઓર્ડિનેટીંગ એજન્સી, નશાબંધી મંડળ, ગુજરાત | સભ્ય |
| ૧૨ | પીએમયુના સ્ટેટ કોઓર્ડિનેટર, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, નવી દિલ્હી | સભ્ય |
| ૧૩ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર. | સભ્ય સચિવ |

- બેઠકનો સમયગાળો :- આ સમિતિ દર બે (૨) માસમાં એક વાર મળશે.
- <u>સમિતિના કાર્યો</u>:-

૧. 'Nasha Mukt Bharat' કેમ્પેઈન હેઠળ સ્ટેટ કેમ્પેઈન એક્ટીવીટી ઘડવાની રહેશે.

૨. રાજ્યના આઈડેન્ટીફાય કરેલ સંવેદનશીલ જિલ્લાઓમાં ડ્રીસ્ટીક્ટ લેવલ નશા મુક્ત કેમ્પેઈન ઘડવા અને અમલીકરણની ખાતરી કરવાની રહેશે.

૩. ડ્રીસ્ટીક્ટ લેવલ નશા મુક્ત કેમ્પેઈનને માર્ગદર્શન આપવા અને નિરીક્ષણ કરવાનું રહેશે.

૪. Community Participation અને Public Cooperationમાં વધારો કરવાનો રહેશે.

૫. રાજ્ય સ્તરે, જિલ્લા સ્તરે અને જિલ્લા સ્તરની નીચે સર્વિસ પ્રોવાઈડર માટે તાલીમ કાર્યક્રમોનું સંચાલન કરવાનું રહેશે.

૬. સ્ટેટ કેમ્પેઈન માટે સોશિયલ મિડીયા સ્ટ્રેટજી બનાવવી અને તેનું અમલીકરણ કરવાનું રહેશે.

૭. સંસ્થાઓ, હોસ્પિટલ્સની તૈયારી અને અમલીકરણનું મુલ્યાંકન કરવા મુલાકાત કરવાની રહેશે.

૮. કોઈ પણ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મીટર આજુબાજુના વિસ્તારમાં સિગારેટના વેચાણના પ્રતિબંધનું સખત અમલ કરવાનું રહેશે. (રુલ રીફર્સ)

૯. ડ્રગ્સની ઉપલબ્ધતા/વેચાણ બાબતે માહિતી મેળવવી અને મેળવેલ માહિતી પર કરવામાં આવેલ કાર્યવાહીની સમીક્ષા કરવાની રહેશે.

આ કેમ્પેઈન ચલાવવા માટેનું ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧ના સ્ટેટ એક્શન પ્લાનના ભાગરૂપે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયને સબમીટ કરવાનું રહેશે અને તમામ ખર્ચ ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા આપવામાં આવશે.

આ કેમ્પેઈન તા.૧૫/૦૮/૨૦૨૦ થી શરૂ કરવાનું રહેશે અને તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી ચાલુ રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉચ્ચ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રાથમિક/ માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નોર્કોટીક્સ કન્ટ્રોલ બ્યુરો, અમદાવાદ, બીજો અને ત્રીજો માળ, ડ્રાઈવ ઈન સિનેમા બિલ્ડીંગ, ડ્રાઈવ ,ઈન રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
- પોલિસ મહાનિર્દેશક અને મુખ્ય પોલિસ અધિકારીશ્રીની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા કલેકટરશ્રી (રાજકોટ, સુરત, અમદાવાદ, ભરૂચ, વડોદરા, મહેસાણા, પોરબંદર અને જામનગર)
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પીએમયુના સ્ટેટ કોઓર્ડિનેટર, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, નવી દિલ્હી.
- નશાબંધી મંડળ, ગુજરાત નશાબંધી સંકુલ, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.